વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત

બાલિકા પંચાયતમાં કામગીરી કરતી કિશોરીઓ/બાલિકા પંચાયતને તેની શ્રેષ્ઠ કામગીરીને તાલુકા, જીલ્લા અને રાજ્ય સ્તરે પ્રોત્સાહિત કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/AWR/e-file/23/2025/1322/A**

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૬.૧૧.૨૦૨૫નો પત્ર ક્રમાંક:WCDWW/**0364/11/2025**

**પ્રસ્તાવના:**

બાલિકા પંચાયતની બાલિકાઓ દ્વારા જ પોતાના ગામની દીકરીઓ/ મહિલાઓને મુંઝવતા પ્રશ્નો અંગે તેઓના દ્વારા સરકારશ્રીની યોજનાઓ/કાયદાઓ/ કાર્યક્રમો વગેરે સાથે અસરકારક સંકલન કરી જરૂરિયાતમંદ લોકોને તમામ લાભો મળે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી બાલિકા પંચાયત એ બેટી બચાઓ બેટી પઢાઓ (૧૦૦% કેન્દ્ર) યોજના અંતર્ગતની એક પહેલ છે.

આ પહેલ અંતર્ગત રાજ્યમાં અંદાજીત ૧૩,૦૦૦થી વધુ બાલિકા પંચાયતોની રચના થયેલ છે, પરંતુ બહુ ઓછી પંચાયતો સક્રિય રીતે કાર્ય કરી રહી છે. આથી વધુ ને વધુ બાલિકાઓ બાલિકા પંચાયતમાં જોડાય તે માટે બાલિકા પંચાયતની શ્રેષ્ઠ કામગીરી કરેલ બાલિકાઓને પ્રોત્સાહિત કરવા માટે વંચાણે લીધા (૧) પરના પત્રથી તાલુકા, જીલ્લા અને રાજ્ય સ્તરે તેમના યોગદાનને પ્રોત્સાહિત કરવા માટે ૩.૦.૯૫ કરોડની નવી બાબતને સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કરવા રજૂ કરવા નિયામકશ્રી(મ.ક)ની કચેરીએ દરખાસ્ત કરેલ હતી.જે દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

બાલિકા પંચાયત અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરેલ બાલિકાઓને તેમના યોગદાનને તાલુકા , જિલ્લા અને રાજ્ય સ્તરે પ્રોત્સાહિત કરવા માટે ૩.૦.૯૫ કરોડની નવી બાબતની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ પછીથી કરવાનો રહેશે.

(૨) આ અંતર્ગત લાભાર્થીની પસંદગી બાલિકા પંચાયતની ગાઇડલાઇન ૨.૦ના ધોરણો/લાયકાત મુજબ રાજ્ય કક્ષાએ

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગતની રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા તથા જિલ્લા અને તાલુકા કક્ષાએ બાલિકા પંચાયતની ગાઇડલાઇન.૨.૦ મુજબની તાલુકા અને જીલ્લા કક્ષાની સમિતિએ કરવાની રહેશે.

(૩) રાજ્ય, જીલ્લા અને તાલુકા કક્ષાએ પ્રોત્સાહિત ઈનામ માટે સુચિત વિકલ્પો અને તે માટે કરવાના ખર્ચની વિગતો આ સાથે સામેલ પત્રક-૧ મુજબની રહેશે.

(૪) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(મ.ક)ની કચેરીએ રાખવાની રહેશે.

(૫) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (**GeM**) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (**No Objection Certificate**) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૭) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે **DBT** પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૮) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા નિયામકશ્રી(મ.ક)ની કચેરીએ કરવાની રહેશે.

(૯) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , **GST**, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(મ.ક)ની રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development Department
Date : 2026.05.14 13:41:26 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૭) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૮) આ અંગેનો ખર્ચ બજેટ હેડ ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૨૨ મહિલા વિકાસના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ફાળા માટે સેવા સંસ્થાઓ અને સામાજિક કાર્યકરને એવોર્ડ અંતર્ગત કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭.૦૫.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ(બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

વિભાગના ઠરાવ ક્રમાંક: **WCDD/AWR/e-file/23/2025/1322/A**ના મુદ્દા નં.(૨) નું બિડાણ

| | વિકલ્પ-૧ | વિકલ્પ-૨ | વિકલ્પ-૩ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| તાલુકા કક્ષા | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>વોલ ક્લોક<br>બેગ | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>મગ વિથ<br>(**BBBP** લોગો)<br>કેલીગ્રાફી પેન/સ્કેચ બુક | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>વોલ ક્લોક<br>બોટલ | પ્રતિ બાલિકા રૂ.૭૦૦ની કીટ<br>કુલ ખર્ચ રૂ.૫૬.૦૭ લાખ (પ્રતિ બ્લોક :૨૬૭*૩ = ૮૦૧ બાલિકા પંચાયતો, પંચાયત દિઠ-૧૦ બલિકાઓ) |
| જિલ્લા કક્ષા | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>પાણી બોટલ(૧ લી)<br>પેન ડ્રાઇવ<br>બેગ<br>વોલ ક્લોક<br>લંચ બોક્સ (સ્ટીલ) | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>મગ વિથ<br>(**BBBP** લોગો)<br>બેગ<br>જોમેટ્રી બોક્સ<br>સ્કેચ બુક<br>કલર બોક્સ | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>અજરખ પ્રિંટ સ્ટોલ<br>શુભ લાભ ડેકોરેટ પેર<br>એમ્રોડરી ડાયરી<br>ગ્લાસ વર્ક ફોટો ફ્રેમ | પ્રતિ બાલિકા રૂ.૨૦૦૦ની કીટ<br>કુલ ખર્ચ રૂ.૩૪.૦૦ લાખ (પ્રતિ જિલ્લા :૩૪*૫= ૧૭૦ બાલિકા પંચાયતો, પંચાયત દિઠ-૧૦ બલિકાઓ) |
| રાજ્ય કક્ષા | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>પાણી બોટલ(૧ લી)<br>બેગ<br>વોલ ક્લોક<br>વોલ પીસ(**BBBP** લોગો)<br>કેલીગ્રાફી પેન/સ્કેચ બુક | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>મગ વિથ<br>(**BBBP** લોગો)<br>બેગ<br>જોમેટ્રી બોક્સ<br>સ્કેચ બુક<br>કલર બોક્સ<br>કેલીગ્રાફી પેન/સ્કેચ બુક | મોમેન્ટો અને સર્ટિફીકેટ<br>જ્વેલરી બોક્સ<br>આર્ટ વર્ક ફ્રેમ<br>સ્ટફ સ્ટોલ<br>પીઠોડા આર્ટ વોલ પીસ<br>(કસ્ટ્માઇઝ) | પ્રતિ બાલિકા રૂ.૫૦૦૦ની કીટ<br>કુલ ખર્ચ રૂ.૫.૦૦ લાખ (રાજ્ય કક્ષાએ કુલ-૧૦ બાલિકા પંચાયતો, પંચાયત દિઠ-૧૦ બલિકાઓ) |